## જન્મદિને વધામણી


શકુંતલાબેન પ્રતાપસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧


અંજનાબેન ધીમંત ભટ્ટ
ફોન : ૨૩૨૮૮૫૦૩


આત્મારામ બી નાયી
ફોન : ૨૩૨૩૨૬૪૪


હયાતી સંજયકુમાર પંડ્યા


કાવ્ય ચિરાગભાઈ આચાર્ય
મો. ૯૭૨૪૩ ૨૧૪૭૯


દિયાનસિંહ મનનકુમાર મકવાણા


રાજવીર કિરણસિંહ વાઘેલા
મો. ૮૪૦૧૦ ૯૭૦૧૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ધોરણ-૧૦ના વાલી, વિદ્યાર્થી અને શાળા પરિવારનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વાલીશ્રી અને વિદ્યાર્થીઓ સાથે રાખી શાળા પરિવારનો સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન ખીમજી વિસરામ હોલમાં કરવામાં આવ્યું હતું

કાર્યક્રમની શરૂઆત મહેમાન શ્રી ડૉ.સોમભાઈ.સી.પટેલ ના વરદહસ્તે દિપપ્રાગટયથી કરવામાં આવી હતી.ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી હતી.મહેમાન શ્રી કેમ્પસ ડાયરેકટર શ્રી ડૉ.સોમભાઈ.સી.પટેલ સાહેબનું સ્વાગત શાળાના આચાર્યશ્રી પ્રહલાદભાઈ એસ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અને આચાર્યશ્રીએ મહેમાનશ્રીનો ટૂંકો પરિચય આપ્યો હતો.

મહેમાન ડૉ.સોમભાઈ સાહેબે સૌપ્રથમ સંસ્થાની સ્થાપના, ઉદેશ, ધ્યેય અને તેની શરૂઆત તથા ગાંધીનગરમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલની સ્થાપના અને તેની અવિરત પ્રગતિની જાણકારી વાલી અને વિદ્યાર્થીઓને આપી શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્યશ્રીએ ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને આગામી ધોરણ-૧૦માં અત્યારથી જ કેવી રીતે તૈયારી કરવી જેથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. શાળાના શિક્ષકશ્રી સંજયભાઈ આર પટેલે ધોરણ-૧૦માં હ્રછ ૧,૨,૩,૪ તથા જીછ-૧ અને જીછ-૨ ગુણાંકન પધ્ધતિની સંપૂર્ણ સમજૂતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપી વાલી અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.દરેક વિષયવાર પ્રશ્નપત્રના માળખાની તથા સરળતાથી વધારે ગુણ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેની વિસ્તૃત માહિતી શાળાના શિક્ષકો શ્રી મહેશભાઈ ખોરસ્મા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રીમતી બિંદુબેન ચૌહાણ,શ્રી દશરથભાઈ પટેલ,શ્રી એચ એમ અસારી સાહેબે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મહેશભાઈ વડાલિયા સાહેબે કર્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ શ્રી કનુભાઈ પટેલે કરી હતી. શ્રી હસમુખભાઈ પટેલ ,સુનીલભાઈ દવે તથા સંજયભાઈ પટેલે પાવર પૉઈન્ટ પ્રેઝન્ટટેશન તૈયાર કર્યું હતું. શાળા પરિવારના બધાજ સભ્યોએ કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપ્યું હતું



નવગુજરાત કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે ગાંધીનગર શહેરના સ્થાપના દિવસ નિમિત્તે ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે રોનક વાઘેલા પ્રથમ અને ઋષિ ભટ્ટ દ્વિતિય સ્થાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓમાં સપના પટણી અને ધૃવી ખીમસૂર્યા અનુક્રમે વિજેતા બન્યાં હતાં. સ્પર્ધામાં ભાગ લેનારા તથા વિજેતા થનારા સૌ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




કાજલ ઓઝા વૈદ્ય પ્રેરિત ડ્રગ્ઝ વિરોધી ઝુંબેશમાં ફિનાર ફાઉન્ડેશન દ્વારા રવિશંકર રાવલ કલા ભવન ખાતે ૧૫થી ૨૦ વર્ષનાં બાળકો દ્વારા બનાવવામાં આવેલા પોસ્ટર્સના ઍક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના ચૅરમૅન યોગેશ ગઢવી, ગુજરાત યુનિવર્સિટીના ડિરેક્ટર ડૉ. સોનલ પંડ્યા તેમજ નાર્કોટિક કંટ્રોલ બ્યુરોના ડિરેક્ટર હરિઓમ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનમાં ૧૦૦ જેટલાં પોસ્ટર્સ મૂકવામાં આવ્યાં હતાં, જે પૈકી શ્રેષ્ઠ ૧૨ પોસ્ટર્સના કર્તાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# યુવાનોને સાંકળતા વિષય પર અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે લેકચર યોજાયું




અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે વિદ્યાર્થીઓના લાભાર્થે ઈ.ડી.આઈ. કેમ્પસ ના પ્રાધ્યાપક તેમજ ટ્રોઈકા ફાર્માસ્યુટીકલસ ના ઈન્ડીપેન્ડન્ટ ડીરેક્ટર શ્રી, પદ્મીન બુચ દ્વારા લેકચર યોજાયું હતું. આપણો ભારત દેશ વિવિધતાઓ થી સમૃદ્ધ દેશ છે, જેમાં ૧૩૦ કરોડ લોકો, ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાષિત પ્રદેશ, ૩૧ માન્યતા પ્રાપ્ત ભાષાઓ, વિવિધ સામાજિક તેમજ પ્રાદેશિક રીત-રીવાજો થી છલકાતો દેશ છે. તેમજ આપણા દેશમાં આઉટસોર્સીગ ની વિશાળ તકો તેમજ નૈસર્ગિક વિવિધતાઓ રહેલી છે. અને આ જ સમયે ભારત ભણેલા તેમજ તજજ્ઞ યુવાનો થી છલકાઈ રહ્યો છે.

આ તક નો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે સંપૂર્ણ ભારત દેશે એક થવું પડશે, આ વિચાર નો ઉલ્લેખ શ્રી, પદ્મીન બુચે એમના લેકચર માં કર્યો હતો. આ વિચાર અંતર્ગત આપણા દેશ માં સરકાર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે, જેમાં જનધન યોજના, આધાર કાર્ડ અને મોબાઈલ નેટવર્ક નો સમાવેશ થાય છે. દેશ ના યુવાનો ને એક કરવા તથા એક સ્ટેજ પર લાવવા માટે નો સરકાર ની સહુ થી મોટી સ્કીમમાં ડીજીટલ ઈન્ડિયાનું મહત્વનું યોગદાન છે. જયારે આપણી હાલની સરકાર ટ્રેડ ક્ષેત્રે તેમજ વ્યાપાર ક્ષેત્રે, અમેરિકા, ફ્રાંસ, ચીન, મધ્ય એશિયા તેમજ આફ્રિકા ના દેશ સાથે વૈશ્વિક કરારો થવાથી હવે એ સમય આવી ગયો છે કે આપણે આપણી યોગ્યતા વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીએ. આ લેકચર માં સંસ્થા ના બધાજ વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના ડીરેક્ટર ડૉ. રાગીન શાહે, વિદ્યાર્થીઓ માં સોફ્ટ સ્કીલ્સ નું મહત્વ સમજાવ્યું હતું તેમજ ભારતીય સંસ્કૃતિમાં ભૂલતા જતા સંસ્કારોનો ઉલ્લેખ કર્યો હતો. એમને જીવન માં માતા પિતા નું યોગદાન સમજાવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦

**સ્ક્રીન-૪**
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫

**સ્ક્રીન-૫**
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

# એસ જી શાળાના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઝળકયા



એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓએ તાલુકા કક્ષાની કબડ્ડી, સ્કાય માર્શલ ,બોક્સિંગ અને કીક બોક્સિંગ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય.અને તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના ખેલાડીઓએ તાજેતરમાં તાલુકા કક્ષાની કબડ્ડી, સ્કાય માર્શલ, બોક્સિંગ અને કીક બોક્સિંગ સ્પર્ધામાંભાગ લીધો હતો. જેમાં બહેનોએ કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ, ભાઈઓએ દ્વિતીય નંબર મેળવ્યો છે. સ્કાય માર્શલ,બોક્સિંગ અને કીક બોક્સિંગ સ્પર્ધામાં ખેલડિઓએ ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો .

## સૅક્ટર-૫માં કાર્યરત પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ વધારતો વિદ્યાર્થી



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સે-૫-એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થી વાડોદરા જયમૂનિ હરજીભાઈએ પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ વિદ્યાર્થીએ શાળાનું ગૌરવ વધારતા શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રી તથા સમગ્ર શાળા પરીવારે તેને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## શહેર પૅન્શનર્સ સમાજ દ્વારા અભિવાદન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સભ્યના તેજસ્વી પૌત્ર-પૌત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૨૪-૭-૨૦૧૬ને રવિવારના રોજ શેઠ શ્રી ખિમજી વિસરામ એન્ડ સન્સ હોલ, કડી શિક્ષણ સંકુલ, સે-૨૩, ગાંધીનગર ખાતે શ્રી રાકેશભાઈ જી. પટેલ નગરસેવક વોર્ડ નં. ૭, શ્રી શૈલેષકુમાર જે. રાજગોર અને શ્રી દિપકભાઈ મિસ્ત્રી, ટ્રસ્ટીશ્રી (આસ્થા ફાઉન્ડેશન)ના મહેમાન પદે યોજાઈ ગયો. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે બ્રહ્મ સમાજના યુવા મંત્રી કુ. જયશ્રીબેન ખેતીયાએ સેવાઓ આપી હતી.

## સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ, જીઈબી ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના ભૂતકાળનાં સંસ્મરણો યાદ કર્યા હતાં. તમામ વિદ્યાર્થીઓ વતી દિપકભાઈ પટેલે આચાર્ય જયંતીભાઈ બી પટેલને સ્મૃતિચિહ્ન આપી, શાલ ઓઢાડી તેમનું ગુરુઋણ અદા કર્યું હતું.

## એસ. જી. સ્કૂલના વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બુધવારે ગુજરાત વિધાનસભા ભવનની અભ્યાસલક્ષી મુલાકાત લીધી હતી અને વિધાનસભાની કામગીરી વિશે વિગતે સમજ મેળવી હતી.

શાળાના ધો-૮ના પાંચ વિભાગના વિદ્યાર્થીઓએ વિધાનસભાની અભ્યાસલક્ષી મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સચિવાલય અને વિધાનસભામાં થતી કામગીરી અંગે શાળાના શિક્ષકો દ્વારા પૂર્વ ભૂમિકા બાંધી જરૂરી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિધાનસભામાં ચાલતી સત્રની વિગતો પણ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી અને તેમના સવાલોના જવાબો પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગરમાં એક અને અમદાવાદમાં ૩૬ સ્થળે પુસ્તક પરબ

ગાંધીનગર, તા. ૩

માતૃભાષા અભિયાન દ્વારા, દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તકની પરબનું આયોજન થાય છે. જે અંતર્ગત વિના મૂલ્યે શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. અને ભેટમાં પુસ્તકો, દાન સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. પ્રથમ પુસ્તક પરબ ૨ ઑક્ટોમ્બર – ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલ હતી, સતત ૨ વર્ષથી ચાલતી આ પરબમાં આશરે અઢી લાખથી વધુ શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોની આપ-લે થયેલ છે.

આગામી તારીખ ૭ ઓગસ્ટ, ૨૦૧૬ રવિવારના રોજ સવારે ૭:૩૦ થી ૯:૦૦ દરમ્યાન અમદાવાદમાં ૩૬ સ્થળે પુસ્તકની પરબનું આયોજન થશે.

અમદાવાદના સ્થળ : વસ્ત્રાપુર તળાવ, હિંમ્મતલાલ પાર્ક ગાર્ડન, કાંકરીયા તળાવ(કાંકરીયા ગેટ.નં-૧), નરોડા તળાવ, પ્રહલાદનગર ગાર્ડન, પરિમલ ગાર્ડન, વાસણા પ્રજાપતિ ગાર્ડન, મલાવ તળાવ પાસે (જીવરાજ પાર્ક), સરકારી ટ્યુબવેલ(બોપલ), મોટેરાગામ-બળિયાદેવનાં મંદિર સામે, શુકાન ઉદ્યાન(આંબાવાડી), જોધપુર (પ્રેરણાતીર્થ દેરાસર), ઉસ્માનપુરા ગાર્ડનમાં, ચાંદખેડા(બેંક ઑફ બરોડા પાસે), સરખેજ (એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડની સામે), વેજલપુર- બુટ ભવાની મંદિર પાસે, પ્રગતિનગર ગાર્ડન, ઉત્તમનગર ગાર્ડન, થલતેજ-બાગબાન પાર્ટી પ્લોટ પાસે, લલિતા સોસાયટી(ઈસનપુર), ફતેહપુરા(ધનવંતરી ગાર્ડન), પીકર્સ ચાલી અનિલ મિલ રોડ(સરસપુર), ઓઢવ(ગાયત્રી મંદિર), નવરંગપુરા(જોગર્સ પાર્ક), ન્યૂ રાણીપ(આનંદ પાર્ટી પ્લોટ રોડ), ગોમતીપુર ગાર્ડન પાસે, દિનેશ ભજીયા હાઉસની બાજુમાં સ્યામશિખરની સામે(બાપુનગર), સ્મૃતિ મંદિર (ઘોડાસર), વસ્ત્રાલ– નિરાત ચોકડી, મેઘાણીનગર ગાર્ડન, ભૂયંગદેવ, સી.ટી.એમ, દૂધવાળી ચાલી (બહેરામપુરા), પંચરત્ન એપાર્ટમેન્ટ(બોડકદેવ), પુનિતાપાર્ક શોપીંગ સેન્ટર સામે (આંબાવાડી), સાંઈ મંદિર દૂરદર્શન કેન્દ્રની બાજુમાં, થલતેજ ખાતે પુસ્તકની પરબનું આયોજન થશે.

અમદાવાદ ઉપરાંત ગુજરાતમાં ૯૦ સ્થળોએ, અમેરિકામાં ડેલાવેર સ્ટેટ ખાતે, કોલકાતામાં સાહિત્ય ટાઈમ્સ ખાતે પણ પુસ્તક પરબનુ આયોજન કરવામાં આવશે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**‘યાદ દાદા-દાદીની’**